# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વન્યજીવન વ્યવસ્થાપનમાં મદદ કરવા પરંપરાગત જ્ઞાન અને યાંત્રિક બુદ્ધિમત્તાનો વધુ ઉપયોગ કરવા હાકલ કરી.**
2. **રાજ્યની 30 હજારથી વધુ હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ માટે ટ્રાન્સફર ફી નક્કી કરાઈ.**
3. **રાજ્યના ખેડૂતોને ગત બે વર્ષમાં વીજળી બિલમાં રાહત માટે 18 હજાર ચાર કરોડ રૂપિયાની સબસિડી અપાઈ.**
4. **રાજ્યમાં આગામી 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસના ઘટાડાની આગાહી.**
5. **મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.Lમાં ગઈકાલે ગુજરાત જાયન્ટ્સે યુપી વૉરિયર્ઝને 81 રનથી પરાજય આપ્યો.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM GUJARAT BETHAK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વન્યજીવન વ્યવસ્થાપનમાં મદદ કરવા પરંપરાગત જ્ઞાન અને યાંત્રિક બુદ્ધિમત્તાનો વધુ ઉપયોગ કરવા હાકલ કરી છે. શ્રી મોદીએ ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓઇન્ફોર્મેટિક્સ BISAG-N અને ફૉરેસ્ટ સરવે ઑફ ઇન્ડિયા સાથે મળીને જંગલની આગ અને વન્યજીવન સંઘર્ષ વ્યવસ્થાપન માટે મિકેનિકલ ઇન્ટેલિજન્સ , મશીન લર્નિંગ અને જીઓ-સ્પેશિયલ મૅપિંગના ઉપયોગ પર પણ ભાર મૂક્યો.

પ્રધાનમંત્રીએ ગઈકાલે વિશ્વ વન્યજીવન દિવસ નિમિત્તે જુનાગઢના સાસણગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની સાતમી બેઠકની અધ્યક્ષતા કરી. બેઠકમાં શ્રી મોદીએ દેશમાં પહેલી વાર કરાયેલી નદી ડૉલ્ફિન અંદાજ અહેવાલ પણ જાહેર કર્યો. અહેવાલમાં કુલ છ હજાર 327 ડૉલ્ફિન હોવાનો અંદાજ છે.

દરમિયાન શ્રી મોદીએ જુનાગઢમાં નેશનલ રેફરલ સેન્ટર ફૉર વાઈલ્ડલાઈફનો શિલાન્યાસ પણ કર્યો , જે વન્યજીવન સ્વાસ્થ્ય અને રોગ વ્યવસ્થાપન સંબંધિત વિવિધ પાસાઓના સંકલન માટે કેન્દ્ર તરીકે કાર્ય કરશે. પ્રધાનમંત્રીએ આ વર્ષે હાથ ધરવામાં આવનારી સિંહ અંદાજના 16મા તબક્કાના પ્રારંભની અને બરડા વન્યજીવન અભયારણ્યમાં સિંહોના સંરક્ષણ માટે સહાયની જાહેરાત પણ કરી.

# SEMICONNECT CONF

ગાંધીનગરમાં આવતીકાલથી સાત માર્ચ સુધી ગુજરાત સેમિ-કનેક્ટ પરિષદ યોજાશે. દરમિયાન ભારતમાં સેમિ-કન્ડક્ટર ક્ષેત્રમાં ક્રાન્તિ અને રાષ્ટ્રીય વિકાસમાં રાજ્યની ભૂમિકા અંગેનું લક્ષ્યાંક દર્શાવાશે. સત્રના ઉદ્ઘાટન સત્રમાં કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવ , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ અંગે વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગનાં અગ્ર-સચિવ મોના ખંધારે માહિતી આપી.

<u>(બાઈટઃ મોના ખંધાર, અગ્ર-સચિવ, વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગ)</u>

# HOUSING SOCIETY TRANSFER FEE

રાજ્યની 30 હજારથી વધુ હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ માટે ટ્રાન્સફર ફી નક્કી કરાઈ છે. સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, સહકારી કાયદામાં થયેલા સુધારા અંતર્ગત હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં કોઈ પણ ઘરના ખરીદ-વેચાણ સમયે કુલ અવેજ રકમના 0.5 ટકા અથવા વધુમાં વધુ એક લાખ રૂપિયા કરતાં વધુ ટ્રાન્સફર ફી વસૂલ નહીં કરી શકાય.

શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું કે, ટ્રાન્સફર ફી બાબતે સહકારી કાયદા અને નિયમોમાં જોગવાઈ ન હોવા થી સોસાયટીઓ દ્વારા મનમાની કરીને મોટી ટ્રાન્સફર ફી વસૂલ

કરાતી હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળી હતી. રાજ્ય સરકાર દ્વારા કરાયેલા આ નવા નિર્ણયથી આવી સોસાયટીઓની કામગીરીમાં નિયમિતતા આવશે. સાથે જ સોસાયટીઓ સાથે જોડાનારા લાખો સભાસદોને પણ ભવિષ્યમાં મોટી રાહત મળશે.

# NARMADA AYUSH MELO

નર્મદા જિલ્લામાં રાજપીપલાના વિશ્વકર્મા મંદિર ખાતે આયૂષ મેળો યોજાઈ ગયો. આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય માયા ચૌધરીએ વિવિધ રોગની સારવાર પદ્ધતિ અને આયુર્વેદના મહત્વ અંગે લોકોને માહિતી આપી હતી.

**(બાઇટ વૈદ્ય માયાબેન ચૌધરી, જિલ્લા આયુર્વેદ અધિકારી)**

# VIJ BIL SUBSIDY

રાજ્યના ખેડૂતોને ગત બે વર્ષમાં વીજળી બિલમાં રાહત માટે 18 હજાર ચાર કરોડ રૂપિયાની સબસિડી અપાઈ છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં ગઈકાલે ધારાસભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા ઊર્જા મંત્રી કનુ દેસાઈએ માહિતી આપતા જણાવ્યું, ગત બે દાયકામાં ખેડૂતોને 14 લાખ નવા ખેતીવાડી વીજ જોડાણ અપાતા હાલમાં ખેતીવાડી વીજ જોડાણની કુલ સંખ્યા 21 લાખથી વધુ થઈ છે. આ ઉપરાંત રાજ્યના ખેડૂતોને વીજદરના તફાવતની રકમ, ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી તેમ જ ફ્યૂઅલ સરચાર્જ ભરપાઈ કરવામાંથી મુક્તિ અપાઈ છે.

ગત બે દાયકામાં ખેડૂતોના વીજદરમાં કોઈ જ વધારો ન કરાયો હોવાનું પણ શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.

# WEATHER

રાજ્યભરમાં આગામી 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી છે. હાલમાં દેશમાં ઉત્તર  અને ઉત્તર-પશ્ચિમમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પવનની દિશા પણ બદલાવાથી રાજ્ય તરફ ઠંડા પવન આવશે તેમ હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

# WPL ICC

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ-   W.P.Lમાં ગઈકાલે ગુજરાત જાયન્ટ્સે યુપી વૉરિયર્ઝને 81 રનથી પરાજય આપ્યો હતો. ઉત્તરપ્રદેશના લખનઉમાં રમાયેલી આ મેચમાં યુપી વૉરિયર્ઝે ટોસ જીતીને બૉલિંગ પસંદ કરી હતી. ગુજરાત જાયન્ટ્સે નિર્ધારિત 20 ઑવરમાં પાંચ વિકેટે 186 રન બનાવ્યાં હતાં. ટીમમાંથી બેથ મૂનીએ સૌથી વધુ અણનમ 96 રન બનાવ્યાં. જ્યારે હરલીન દેઓલે 45 રનનું યોગદાન આપ્યું હતું. તેના જવાબમાં યુપી વૉરિયર્ઝની ટીમ 17 ઑવર એક બૉલમાં ઑલ-આઉટ થઈ ગઈ હતી.

ગુજરાત જાયન્ટ્સનાં ખેલાડી કાશવી ગૌતમ અને તનુજા કંવરે સૌથી વધુ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ગઈકાલની મેચમાં બેથ મૂનીને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયાં હતાં.

બીજી તરફ, આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી મેચમાં આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે સેમિ-ફાઈનલની મેચ રમાશે. દુબઈ ઇન્ટરનેશનલ  સ્ટેડિયમમાં રમાનારી આ મેચ ભારતીય સમય મુજબ, બપોરે અઢી વાગ્યે શરૂ થશે.

# AUSTRALIA INDIA SPORTS FORUM

રાજ્ય સરકાર અને ઑસ્ટ્રેલિયાના સંયુક્ત ઉપક્રમે આવતીકાલથી 2 દિવસ ઑસ્ટ્રેલિયા-ઇન્ડિયા સ્પોર્ટ્સ એક્સલેન્સ ફોરમ  યોજાશે. ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે યોજાનારો કાર્યક્રમ બંને દેશના રમતગમત માળખામાંથી મુખ્ય નિર્ણયકર્તાઓને એકસાથે લાવી , દ્વિપક્ષીય સહકારને વધુ મજબૂત બનાવવા એક મંચ તરીકે કાર્ય કરશે.

દરમિયાન બંને દેશના આગેવાનો, અગ્રણી રમતગમત સંસ્થાઓ અને વિવિધ કંપનીઓ દ્વારા સફળ ઑલિમ્પિક્સ અને પેરા-લિમ્પિક્સ બિડ્સ  , એલિટ સ્પોર્ટ્સ ટૅલેન્ટને પ્રોત્સાહન ,  પેરાલિમ્પિક્સ રમતનો વિકાસ  ,  રમતગમત વિજ્ઞાન અને ટેક્નોલૉજી તેમ જ મોટા આયોજન જેવા મુદ્દાઓ પર ચર્ચા કરાશે.

# TEKA NA BHAV KHARIDI

પોરબંદરના ખેડૂતોએ આ વર્ષે 123.78 કરોડ રૂપિયાની 5 લાખ 21 હજારથી વધુ ગુણી  મગફળીનું ટેકાના ભાવે વેચાણ કર્યું છે. જિલ્લામાં ખરીફ પાકમાં ચાર હજાર હેક્ટરથી વધુ  મગફળીનું વાવેતર નોંધાયું હતું. આ અંગે પોરબંદર તાલુકા ખરીદ વેચાણ સંઘના મેનેજર પોપટ બાપોદરાએ માહિતી આપી.

<u>બાઈટ - પોપટભાઈ બાપોદરા (મેનેજર તાલુકા ખરીદ વેચાણ સંઘ પોરબંદર)</u>

# SURENDRANAGAR –BHARTI MELO

સુરેન્દ્રનગરની એમ.પી.શાહ કોમર્સ મહાવિદ્યાલય ખાતે આજે ભરતી મેળા યોજાશે. જિલ્લાનાં 18થી 40 વર્ષની વયના પાત્રતા ધરાવતા ધો રણ 10થી 12 પાસ, સ્નાતક , I.T.I. પાસ , ડિપ્લોમાની ડિગ્રી ધરાવતા ઉમેદવારોને શૈક્ષણિક લાયકાતનાં તમામ પ્રમાણપત્રોની નકલ તેમ જ જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવા સત્તાવાર યાદીમાં જણાવાયું છે.